ગુજરાત રીઅલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી
ચીફ ટાઉન પ્લાનીંગ અને વેલ્યુએશનની કચેરી
સેકટર -૧૦, સેન્ટ ઝેવીયર્સ સ્કુલ સામે, ગાંધીનગર.
ટેલીફોન નંબર :- (૦૭૯) ૨૩૨-૫૪૧૦૧
વેબ સાઈટ:- https://gujrera.gujarat.gov.in

તા. ૧૩/૦૪/૨૦૧૮

# ગુજરાત રીઅલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી

## સમક્ષ

## ગાંધીનગર

**સુઓ-મોટો કેસ નંબર :- ૬૦/૨૦૧૮**

**ગુજરેરા રજીસ્ટ્રેશનનં:**PR/GJ/AHMEDABAD
/AHMEDABAD CITY/AUDA/
MAA02182/270318

**સેક્રેટરી, ગુજરાત રીઅલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી, ગાંધીનગર**

વિરૂધ્ધ

**પ્રમોટર શ્રી જીતેન્દ્રકુમાર એ. દેસાઈ ઓથોરાઇઝ્ડ સીગ્નેટરી ઓફ મે. એરોમા રીયાલીટીઝ લીમી.**

સરનામું:- યુ.જી એફ:-૧,૨,૩ માઈલસ્ટોન બિલ્ડીંગ
ડ્રાઈવ ઈન સીનેમા પાસે, થલતેજ,
અમદાવાદ-૩૮૦૦૫૨.
ફોન નં:- ૯૯૦૯૬૪૦૦૮૧
ઈ-મેલ એડ્રેસ:jitendraaroma@gmail.com

**પ્રોજેકટ:-** 'આકૃતિ એવન્યુ' અસલાલી પોલીસ સ્ટેશનની
પાછળ, નારોલ અસલાલી હાઈવે
અસલાલી,અમદાવાદ

**પ્રમોટર તરફથી હાજર
રહેલ પ્રતિનિધિ:-** પ્રમોટર/ઓથોરાઇઝ્ડ સીગ્નેટરી
શ્રી જીતેન્દ્રકુમાર એ. દેસાઈ (પોતે)



Scanned by CamScanner

(કોરમ:-ડૉ મંજુલા સુબ્રમણ્યમ, ચેરપર્સન અને શ્રી એચ.ડી.વ્યાસ, મેમ્બર)
સુનાવણી તા:- ૧૦/૦૪/૨૦૧૮

## હુકમ

જીલ્લા :- અમદાવાદ , તાલુકો :- દસ્ક્રોઈ ના રેવન્યુ વિલેજ :- મોજે અસલાલી ના રેવન્યુ સર્વે નં:- ૧૭૩૧ ના ટી.પી.સ્કીમ નંબર:-૧૨૯, (અસલાલી-જેતલપૂર) ના ફાઈનલ પ્લોટ નંબર :-૨૭૮ માં ડેવલપર/કંપની:-એરોમા રીયાલીટીઝ લીમીટેડ ના પ્રમોટર/ ઓથોરાઇઝ્ડ સીગ્નેટરી શ્રી જીતેન્દ્રકુમાર એ. દેસાઈ દ્વારા 'આકૃતિ એવન્યુ' નામના બાંધકામના પ્રોજેક્ટનું રજીસ્ટ્રેશન કરવા ગુજરેરા એક્નોલેજમેન્ટ નંબર :-PR/AHMEDABAD/AHMEDABAD CITY /AUDA/ 170929 / 003184 તારીખ:- ૨૯/૦૯/૨૦૧૭ ના રોજ રેરા પ્રોજેક્ટ એપ્લિકેશન ફોર્મમાં દર્શાવેલ પ્રોજેક્ટ સ્ટેટસ તરીકે ન્યુ પ્રોજેક્ટ દર્શાવી અરજી કરવામાં આવેલ છે. સદર પ્રોજેક્ટમાં નિયુક્ત થયેલ ચાર્ટડ એકાઉન્ટન્ટના સર્ટીફીકેટ ફોર્મ નં. ૩ માં દર્શાવ્યાં મુજબ રેરા રજીસ્ટ્રેશન મેળવતા પહેલાં પ્રોજેક્ટની કુલ ઇન્વેટરી :- ૦૨ (૦૧ કોમર્શીયલ + ૦૧ રહેણાંક) ના કુલ કારપેટ એરીયા :- ૧૨૯ ચો.મીટર નું વેચાણ કરવામાં આવેલ હોઇ, રેરા એક્ટની કલમ:-૩ ના ભંગ બદલ રેરા એક્ટની કલમ:-૫૯(૧) મુજબની દંડનીય કાર્યવાહી કરવાની થાય છે.

૧. રેરા કાયદાની કલમ ૩(૧) ની જોગવાઈ મુજબ પ્રમોટર રેરામાં રજીસ્ટ્રેશન કરાવ્યાં વગર તેનાં પ્રોજેક્ટ નું વેચાણ, માર્કેટીંગ, જાહેરખબર, બુકીંગ નથી કરી શકતા કે વેચાણ લેવા માટેનું આમંત્રણ નથી આપી શકતા.

૨. ગુજરેરા એ તેની વેબસાઈટ https://gujrera.gujarat.gov.in પર આ અંગેની વિગતો મુકેલી છે તેમજ પ્રમોટરશ્રીઓને વખતો વખત તેની જાણ પણ કરવામાં આવેલી છે. તેમજ રેરા કાયદાની આ જોગવાઈઓ પ્રત્યે ધ્યાને દોરવામાં આવેલ છે.

૩. આમ, હોવાં છતાં, રેરા રજીસ્ટ્રેશન કરાવ્યા વગર કલમ ૩ (૧) નો ભંગ કરી ફ્લેટ/એપાર્ટમેન્ટ /પ્લોટ/દુકાન/ઓફિસ વિ.નું વેચાણ કરેલ છે. જે તેમની રજીસ્ટ્રેશનની અરજી પરથી સ્પષ્ટ થાય છે.

૪. ઓથોરીટીએ ઉપર દર્શાવેલ બાબતની સુઓ-મોટો નોંધ લઈને પ્રમોટરને તા. ૧૦/૦૪/૨૦૧૮ ના રોજ ઓથોરીટી સમક્ષ ઉપસ્થિત રહીને રેરા કાયદાની જોગવાઈનાં ભંગ બદલ તેમને શા માટે દંડ ન કરવો તે બાબતનો ખુલાસો રજુ કરવા સારૂ તા.૩૧/૦૩/૨૦૧૮ ના રોજ ગુજરેરા ઓથોરીટી સમક્ષ સુનાવણી માટે હાજર રહેવા નોટીસ કાઢી હતી.



Scanned by CamScanner

૫. સુનાવણીની તારીખે પ્રમોટરશ્રી (પોતે) ઓથોરીટી સમક્ષ ઉપસ્થિત રહયાં હતાં અને તેમણે તા. ૧૦/૪/૨૦૧૮ ના રોજ લેખિત રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, અમો દ્વારા બે-બુકીંગના નાણા તા. ૧/૫/૨૦૧૭ પહેલા અમુક રકમ સ્વીકારેલ અને બાકીની રકમ તા.૦૧/૦૫/૨૦૧૭ પછી સ્વીકારવામાં આવેલ, જ્યારે બુકીંગની રકમ સ્વીકારેલ તે સમયે અમારી માલીકીની જમીન હતી. વધુમાં કાયદાની જોગવાઈઓનો ભંગ તેમની અજ્ઞાનતા થી અને અજાણતાથી થયેલ છે અને કાયદાની કોઈ જોગવાઈઓનો ભંગ કરવાનો તેમનો ઈરાદો ન હતો. તેઓએ બિન-શરતી દિલગીરી વ્યકત કરી છે અને દંડ ન કરવા માટે વિનંતી કરી છે.

૬. રેરા એકટની કલમ -૫૯(૧) ની જોગવાઈ મુજબ કલમ -૩ ની જોગવાઈનાં ભંગ બદલ પ્રોજેકટની અંદાજીત કિંમતનાં વધુમાં વધુ ૧૦% જેટલો દંડ થઈ શકે છે.

૭. ઓથોરીટી સમક્ષ પ્રમોટરે ઈરાદાપૂર્વક કાયદાની જોગવાઈઓનો ભંગ કરેલ નથી તે બાબતનો સ્વીકાર કરે છે. આથી, કાયદાની કલમ ૫૯(૧) અન્વયે ઓથોરીટી આ કિસ્સામાં પ્રમોટરને રૂ.૪૬,૦૦૦/- (અંકે રૂપિયા છેતાલીસ હજાર પૂરા) મુજબનો દંડ કરે છે. જે પ્રમોટરશ્રીએ દિન - ૧૫ માં ભરી દેવાનાં રહેશે.

૮. ઓથોરીટી વધુમાં આદેશ કરે છે કે, દંડની આ રકમ પ્રમોટરે ગુજરાત રીઅલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) (મેટર્સ રીલેટીંગ ટુ ધ રીઅલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી) રૂલ્સ, ૨૦૧૬ ના નિયમ -૮ (૩) ની જોગવાઈ અનુસાર આ દંડની રકમ તે પ્રોજેકટનાં અલાયદા બેંક ખાતામાંથી ઉપાડી શકશે નહિ કે ઉધારી શકશે નહિ કે એલોટી પાસેથી લઈ શકાશે નહિ અને પ્રમોટરે અંગત રીતે દંડ ની રકમ ભરવાની રહેશે.

**હુકમ તા.૧૩/૦૪/૨૦૧૮, ગાંધીનગર.**

(એચ.ડી.વ્યાસ)
**મેમ્બર**
**ગુજરાત રીઅલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી**

(ડો.મંજુલા સુબ્રમણ્યમ) IAS
**ચેરમેન**
**ગુજરાત રીઅલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી**



Scanned by CamScanner